## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

### એકેડેમિક પ્લાનિંગ બોર્ડ

# કાર્યનોંધ

છઠ્ઠી બેઠક : તા. 29-12-1998

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## એકેડેમિક પ્લાનિંગ બોર્ડની છઠ્ઠી બેઠક

### કાર્યનોંધ

એકેડેમિક પ્લાનિંગ બોર્ડની છઠ્ઠી બેઠક તા. 29-12-98ના રોજ બપોરના 3-30 વાગે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હૉલમાં મળી હતી. જેમાં નીચે મુજબ હાજરી હતી. :

| | | |
|---|---|---|
| (1) | ડૉ. કે. ડી. વસાવા | અધ્યક્ષ |
| (2) | પ્રિ. ડૉ. અંબાલાલ પરમાર | |
| (3) | પ્રિ. ડૉ. આર. ડી. વોરા | |
| (4) | ડૉ. સુમનભાઈ શાહ | |
| (5) | પ્રિ. આર. એચ. વ્યાસ | |
| (6) | ડૉ. ઈલાબેન જોષી | |
| (7) | ડૉ. એન. આર. દીક્ષિત | |
| (8) | પ્રો. આર. પી. સોની | |
| (9) | શ્રી એસ. એચ. બારોટ | |

શ્રી એ. એન. ઉનવાલા, નાણાં અધિકારી ખાસ આમંત્રિત સભ્ય તરીકે હાજર રહયા હતા.

યુનિવર્સિટીની ડાયરેકટર (એકેડેમિક) ની જગ્યા ખાલી હોઈ શ્રી એસ.એચ.બારોટ, કુલસચિવ (ઈ./ચા.)એ અધ્યક્ષશ્રીના આદેશથી બેઠકમાં સચિવ તરીકેની કામગીરી સંભાળી હતી.

બેઠકમાં કોરમ થતાં કાર્યવાહી શરૂ કરવામાં આવી. પ્રારંભમાં અધ્યક્ષ સ્થાનેથી કુલપતિશ્રી ડૉ.કે.ડી. વસાવાએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા હતા. તે પછી કાર્યસૂચિ પરની કામગીરી હાથ ધરવામાં આવી.

બાબત નં. **6.1** એકેડેમિક પ્લાનિંગ બોર્ડની તા. 17-8-98ના રોજ મળેલ પાંચમી બેઠકની કાર્યનોંધ વંચાણે લઈ બહાલ રાખવા તેમજ તે અન્વયે લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

---

તા. 17-8-98ના રોજ મળેલ પાંચમી બેઠકની કાર્યનોંધ વંચાણે લઈ બહાલ રાખવામાં આવી અને તે અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવામાં આવી. જે પરિશિષ્ટ–1 ઉપર રજૂ કરેલ છે.

બાબત નં. **6.2** કોન્વોકેશન અંગેની પધ્ધતિ નકકી કરતો રેગ્યુલેશનનો મુસદ્દો મંજુર કરવા બાબત.

---

યુનિવર્સિટી ઓર્ડિનન્સની જોગવાઈ 8(8) હેઠળ કોન્વોકેશન પધ્ધતિ નકકી કરવા અંગેનો રેગ્યુલેશનનો મુસદ્દો ચર્ચા વિચારણા બાદ પરિશિષ્ટ–2 મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજૂરી માટે ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યુ.

વધુમાં કોન્વોકેશનની પ્રોસીડીંગને લગતા આ રેગ્યુલેશનને ગુજરાતી ભાષામાં તૈયાર કરવાનું પણ નકકી કરવામાં આવ્યું.

બાબત નં.**6.3** યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવનાર ડીગ્રી / ડિપ્લોમા / સર્ટિફિકેટ પ્રમાણપત્રોના નમૂના મુકરર કરવા બાબત.

---

યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા તથા ભવિષ્યમાં શરૂ કરવામાં આવનાર ડીગ્રી/ડિપ્લોમા/અનુસ્નાતક અને પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટેના પ્રમાણપત્રોના નમૂનાઓ અનુક્રમે પરિશિષ્ટ–3/અ, 3/બ, 3/ક અને 3/ડ મુજબ રજૂ કરવામાં આવ્યા હતા. ચર્ચા વિચારણાને અંતે હાલ તુરત બી.એડ. અભ્યાસક્રમનાં પ્રમાણપત્રો એનાયત કરવાનાં થતાં હોઈ ગુજરાત યુનિવર્સિટીની પેટર્ન ઉપર આ અભ્યાસક્રમના પ્રમાણપત્રો તૈયાર કરવા કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી. જયારે અન્ય અભ્યાસક્રમોનાં પ્રમાણપત્રોના નમુના રાજયની અન્ય યુનિવર્સિટીઓનાં પ્રમાણપત્રોના નમુના ધ્યાને લઈને તૈયાર કરી હવે પછીની બેઠકમાં રજૂ કરવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **6.4** યુનિવર્સિટીમાં નિમાયેલ અધ્યાપકો માટે " **Annual Self Appraisal Report** " ના ફોર્મ રજૂ કરવા બાબત.

---

ઓર્ડિનન્સ–22(2) મુજબ કુલપતિશ્રીએ મંજૂર કરેલ યુનિવર્સિટી અધ્યાપકો માટેના **Annual Self Appraisal Report** નું ફોર્મ કે જે પરિશિષ્ટ–4 મુજબ રજૂ કરવામાં આવેલ છે તેની ચર્ચા વિચારણાને અંતે નોંધ લેવામાં આવી.

બાબત નં. **6.5** સ્વઅધ્યયન અભ્યાસ સામગ્રી વિકસાવવા માટે યુનિવર્સિટીએ અનુવાદકો / લેખકો સાથે કરવાના કરારનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

---

યુનિવર્સિટી ધ્વારા વિકસાવવામાં આવતી સ્વઅધ્યનની અભ્યાસ સામગ્રી તૈયાર કરવાની કામગીરી અનુવાદકો / લેખકોને સોંપતી વેળાએ કરવાના થતા કરારપત્રનો નમૂનો ચર્ચા વિચારણાના અંતે સુધારા –વધારા સાથે પરિશિષ્ટ–5 મુજબ મંજુર કરવામાં આવ્યો.

બાબત નં. **6.6** અધિનિયમની કલમ–5(xviii) પ્રમાણે અન્ય યુનિવર્સિટીઓ / શૈક્ષણિક સંસ્થાઓની પરીક્ષાઓ / લાયકાતો આદીની માન્યતા પ્રદાન કરવા બાબતના ઓર્ડિનન્સનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

---

યુનિવર્સિટી અધિનિયમની કલમ–5(xviii) ની જોગવાઈ મુજબ અન્ય યુનિવર્સિટીઓ/શૈક્ષણિક સંસ્થાઓની પરીક્ષાઓ/લાયકાતો આદિની માન્યતા પ્રદાન કરવા અંગેની કાર્યવાહી કરવા અંગેની સમકક્ષતા કમિટિનું બંધારણ અને કાર્યો નકકી કરતા ઓર્ડિનન્સનો મુસદ્દો પરિશિષ્ટ–6 મુજબ વિચારણાને અંતે બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવા મંજૂર કરવામાં આવ્યો.

બાબત નં. **6.7** યુનિવર્સિટી વિદ્યાર્થીઓમાં શિસ્ત જાળવણી અંગેનો ઓર્ડિનન્સ મંજૂર કરવા બાબત.

---

યુનિવર્સિટી અધિનિયમની કલમ : 22(1)(2) હેઠળ વિદ્યાર્થીઓની સામાન્ય શિસ્ત જાળવણી અંગેના ઓર્ડિનન્સનો મુસદ્દો વિચારણાને અંતે થોડાક ફેરફાર સાથે પરિશિષ્ટ–7 મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવા મંજૂર કરવામાં આવ્યો.

બાબત નં. **6.8** વિવિધ અભ્યાસક્રમોની સ્વઅધ્યયન અભ્યાસ સામગ્રી વિકસાવવાની કાર્યવાહીમાં સંકળાયેલ અનુવાદકો / લેખકો તથા વિષય પરામર્શકોને પાઠયક્રમ/બ્લોકની એક–એક મુદ્રિત પ્રત આપવા બાબત.

---

યુનિવર્સિટીની સ્વઅધ્યયન અભ્યાસ સામગ્રી તૈયાર કરનાર અનુવાદકો/લેખકોને તેમણે તૈયાર કરેલ પાઠયક્રમ/બ્લોકની મુદ્રિત પ્રત તેમના સ્વઉપયોગ માટે આપવામાં આવે છે તે પ્રમાણે વિષય પરામર્શકોને પણ મુદ્રિત પ્રત આપવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **6.9** યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમો પૈકી એક સાથે એકથી વધુ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા બાબત.

---

યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા જુદા જુદા અભ્યાસક્રમો પૈકિ એક કરતાં વધુ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા બાબતે નીચે મુજબની નીતિ હાલમાં અમલમાં છે.

" કોઈપણ વિદ્યાર્થી એક સાથે આ યુનિવર્સિટીના બે અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકશે નહિ. પરંતુ આ વિષય છ માસથી ઓછા ગાળાના અભ્યાસક્રમને લાગુ નહિ પડે. "

ઉપર પ્રમાણેની જોગવાઈમાં વિચારણાને અંતે નીચે પ્રમાણે ફેરફાર કરવાનું ઠરાવવામાં આવ્યું.

" કોઈપણ વિદ્યાર્થી આ યુનિવર્સિટીના એક સાથે બે ડીગ્રી અભ્યાસક્રમમાં નોંધણી કરાવી શકશે નહિં, પરંતુ એક ડીગ્રી અને એક ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર અભ્યાસક્રમ, બે ડિપ્લોમા અથવા બે પ્રમાણપત્ર અભ્યાસક્રમોમા, એકી વખતે, નોંધણી કરાવી શકશે. "

ઉપર જણાવ્યા મુજબની જોગવાઈ કરતો ફેરફાર યુનિવર્સિટીના માહિતી પત્રક અને માર્ગદર્શિકામાં આમેજ કરવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં.**6.10** યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમમાં પ્રવેશ પાત્રતા 10 + 2 અથવા તેને સમકક્ષ હોય ત્યારે સમકક્ષતા નકકી કરવા બાબત.

---

યુનિવર્સિટી ધ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમોમાં પ્રવેશ લાયકાત 10 + 2 અથવા તેને સમકક્ષ નિયત કરવામાં આવી હોય ત્યારે યુનિવર્સિટી તરફથી પરિશિષ્ટ–8 માં નિર્દેશ કર્યાં પ્રમાણેનાં અભ્યાસક્રમોને 10 + 2 ને સમકક્ષ ગણી પ્રવેશ આપવામાં આવે છે તેની નોંધ લેવામાં આવી, અને વધુમાં 10 + 2 ને સમકક્ષ લાયકાતો અંગે નીચે પ્રમાણે નીતિ નકકી કરવાનું ઠરાવવામાં આવ્યુ.:

(1) રાજયની કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી પ્રિ.યુનિવર્સિટીની આર્ટસ / કોમર્સ કે સાયન્સ પ્રવાહમાં પરીક્ષા પાસ કરેલ કોઈપણ વિદ્યાર્થી..

(2) ધોરણ–10 પાસ કર્યા બાદ સરકાર માન્ય કોઈપણ સંસ્થાનો 2 કે 3 વર્ષનો ડિપ્લોમા / પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરનાર કોઈપણ વિદ્યાર્થી.

(3) ધોરણ–10 (S.S.C.) પછી બે વર્ષનો માન્ય H.SC. (12th ) કોર્ષ કરેલ હોય તેવા અથવા રાષ્ટ્રિય કે રાજયની ઓપન સ્કૂલ ધ્વારા ધોરણ 10 + 2 (H.S.C.) નો અભ્યાસક્રમ કરેલ કોઈપણ વિદ્યાર્થી..

બાબત નં. **6.11** સર્ટિફિકેટ ઈન ટુરીઝમ મેનેજમેન્ટ (CMT) અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

---

એકેડેમિક પ્લાનિંગ બોર્ડની તા. 18-10-97ના રોજ મળેલ દ્દિતિય બેઠકની બાબત નં. 2.4 થી નીચે જણાવેલ બે અભ્યાસક્રમોના પ્રોજેકટ અહેવાલો મંજુર કરવામાં આવેલ હતા.

(1) સર્ટિફિકેટ ઈન ટુરીઝમ મેનેજમેન્ટ (CMT)

(2) સર્ટિફિકેટ ઈન ટુરીઝમ માર્કેટિંગ (CTM)

ઉપરોકત અભ્યાસક્રમો પૈકી ક્રમ 2 માં જણાવેલ અભ્યાસક્રમ ઓગષ્ટ 98થી શરૂ કરવામાં આવેલ છે. જયારે ક્રમ 1 પર જણાવેલ સર્ટિફિકેટ ઈન ટુરીઝમ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ ફેબ્રુઆરી 99 ના સત્રથી શરૂ કરવા અંગે નોંધ લેવામાં આવી.

બાબત નં. **6.12** " સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડ ડેવલપમેન્ટ " અંગેનો છ માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

---

1998-99 ના શૈક્ષણિક વર્ષથી શરૂ કરવા ભલામણ થયેલ અભ્યાસક્રમો પૈકી " સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડ ડેવલપમેન્ટ " નો છ માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ફેબ્રુઆરી 99 થી નીચેની વિગતે શરૂ કરવા અંગેનો પ્રસ્તાવ વિચારણાને અંતે મંજૂર કરવામાં આવ્યો.

| ક્રમ | પાઠયક્રમનું નામ | બ્લોક | પ્રેકટીકલ મેન્યુઅલ્સ | બ્લોકસની સંખ્યા | ક્રેડિટ |
|---|---|---|---|---|---|
| (1) | ANC-1 | 1 થી 7 | 2 | 9 | 8 |
| (2) | ACC-1 | 1 થી 7 | 2 | 9 | 8 |

વધુમાં ઉપરોકત અભ્યાસક્રમ અંગેનો વિગતવાર " પ્રોજેકટ અહેવાલ " માં અભ્યાસક્રમનું નામ " સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ " રાખવાનાં નિર્ણય સાથે પરિશિષ્ટ : 9 મુજબ મંજૂર કરવામાં આવ્યો.

બાબત નં. **6.13** "સર્ટિફિકેટ ઈન સેક્રેટરીયલ પ્રેકટીસ એન્ડ ઓફીસ મેનેજમેન્ટ" અંગેનો છ માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

1998-99ના વર્ષથી શરૂ કરવા ભલામણ થયેલ અભ્યાસક્રમો પૈકિ છ માસનો "સર્ટિફિકેટ ઈન સેક્રેટરીઅલ પ્રેકટીશ એન્ડ ઓફિસ મેનેજમેન્ટ" નો પ્રમાણપત્ર અભ્યાસક્રમના સુધારેલ પરિશિષ્ટ–10 મુજબના પ્રોજેકટ અહેવાલની વિગતો ધ્યાને લઈને " ASP અને AOM " સિવાયના અન્ય ઉમેરવાના પાઠયક્રમ અંગે પ્રિ. શ્રી આર.એચ.વ્યાસ સાથે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **6.14** 1999-2000 માં શરૂ કરવાના થતા પ્રસ્તાવિત અભ્યાસક્રમો અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીના પ્રોજેકટ રિપોર્ટમાં 1999-2000માં જે અભ્યાસક્રમો શરૂ કરવાનો નિર્દેશ છે તે પૈકિ નીચે જણાવ્યા મુજબ અગ્રતા નકકી કરવા વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યું.

**(i)** " માસ્ટર ઈન કોમ્પ્યૂટર એપ્લીકેશન" નાં અભ્યાસક્રમને બદલે હાલ પુરતા "બેચલર ઈન કોમ્પ્યૂટર એપ્લિકેશન અને પી.જી. ડિપ્લોમા ઈન કોમ્પ્યૂટર એપ્લિકેશનનાં અભ્યાસક્રમો શરૂ કરવાની બાબતને અગ્રતા આપવા તથા તે માટે પ્રો. આર. પી. સોની તથા તજજ્ઞોની બેઠક બોલાવી ઘટતો નિર્ણય કરવાનું નકકી કરવામાં આવ્યુ "

**(ii)** ડિપ્લોમા ઈન એડવર્ટાઈઝીંગ મેનેજમેન્ટ, સર્ટિફિકટ ઈન સેલ્સમેનશીપ, સર્ટિફિકેટ ઈન માર્કેટિંગ મેનેજમેન્ટ, ડિપ્લોમા ઈન માર્કેટિંગ મેનેજમેન્ટ, જેવા અભ્યાસક્રમો અંગે પ્રો. (ડૉ.) એન.આર. દીક્ષીત તથા આ ક્ષેત્રના તજજ્ઞોની બેઠક યોજી નિર્ણય કરવાનું ઠરાવાયું.

(iii) "સર્ટિફિકેટ ઈન કો.ઓપરેટિવ મેનેજમેન્ટ" જેવા અભ્યાસક્રમો શરૂ કરવા બાબતે આ અભ્યાસક્રમની અગત્યતા અંગે વિચારણાને અંતે આ ક્ષેત્રના અભ્યાસક્રમો શરૂ કરવા અંગે તજજ્ઞોનો અભિપ્રાય મેળવી એકેડેમિક પ્લાનિંગ બોર્ડ સમક્ષ રજૂ કરવા નકકી કરવામાં આવ્યું.

(iv) "જર્નાલિઝમ એન્ડ માસ મિડિયા કોમ્યુનિકેશન " અભ્યાસક્રમ માટેની અભ્યાસસામગ્રીનો ઉપયોગ કરી નીચેના પ્રમાણપત્ર અભ્યાસક્રમો શરૂ કરી શકવા અંગેની શકયતાઓ ચકાસવાનું નકકી કરવામાં આવ્યું.

(અ) " સર્ટિફિકેટ ઈન ફીચર રાઈટીંગ ફોર પ્રેસ એન્ડ રેડિયો "
(બ) " સર્ટિફિકેટ ઈન ટી.વી. સ્ક્રિપ્ટ રાઈટીંગ "

(v) " સર્ટિફિકેટ ઈન નર્સિંગ " નો અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની પણ શકયતા અગ્રતાધોરણે તપાસીને રજૂ કરવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **6.15** " પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલીઝમ એન્ડ માસ મીડીયા કોમ્યુનિકેશન " (PGJMC) અભ્યાસક્રમ શરૂ કરવા બાબત.

---

યુનિવર્સિટી પ્રોજેકટમાં રિપોર્ટમા 1999-2000ના વર્ષ દરમ્યાન શરૂ કરવાના થતા પ્રસ્તાવિત અભ્યાસક્રમો પૈકી "ડિપ્લોમા ઈન જર્નાલીઝમ એન્ડ માસ મીડીયા કોમ્યુનિકેશન " ના બદલે "પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન જર્નાલીઝમ એન્ડ માસ મીડીયા કોમ્યુનિકશન " (PGJMC)નો અનુસ્નાતક અભ્યાસક્રમ ઓગષ્ટ 99 થી શરૂ કરવા અંગેનો પ્રસ્તાવ દર્શાવેલ વિગતે શરૂ કરવા મંજૂર કરવામાં આવ્યુ. જેનો પ્રોજેકટ અહેવાલ હવે પછીની બેઠકમાં રજૂ કરવા નકકી કરવામાં આવ્યું.

બાબત નં. **6.16** CIC અભ્યાસક્રમ અન્વયે " માઈક્રોસોફટ ઓફિસ " પાઠયક્રમ ઉમેરવા બાબત.

---

યુનિવર્સિટી ધ્વારા ઓગષ્ટ 98 થી છ માસનો "કોમ્પ્યુટીગમાં પ્રમાણપત્ર (CIC) અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં (CIC)-01, CIC-02, CIC-03, અને CIC-04 એમ કુલ ચાર પાઠયક્રમો ઉપલબ્ધ કરાયા છે. "ઈગ્નૂ " એ આ અભ્યાસક્રમમાં CIC-05 "માઈક્રોસોફટ ઓફિસ " નામક નવો પાઠયક્રમ CIC-03 (WS Lotus) ના વિકલ્પે વધારાના પાઠયક્રમ તરીકે CIC-05 (Word Excel) ફેબ્રુઆરી 99 થી દાખલ કરેલ છે. આ ધોરણે CIC અભ્યાસક્રમમાં તદ્અનુસાર તેનું ઉમેરણ કરવા વિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું.

**બાબત નં. 6.17** યુનિવર્સિટી ધ્વારા ચૂકવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમના પરામર્શનના દરોની સમીક્ષા કરવા બાબત.

---

નાણાં સમિતિની તા. 19-7-97ની પ્રથમ બેઠકની બાબત નં.1.5થી શૈક્ષણિક કામગીરી માટે ચૂકવવાના દરો એપેન્ડીક્ષ–ડી મુજબ મંજુર રાખવામાં આવેલ. હવે એપ્રિલ 98થી "ઈગ્નૂ" એ પરામર્શન (Counselling) ના સુધારેલ દરો અમલમાં મુકેલ છે તે ધોરણે આ યુનિવર્સિટીમાં પણ આવા દરો પરિશિષ્ટ–11 મુજબ સુધારવાના પ્રસ્તાવને નાણા સમિતિને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

**બાબત નં. 6.18** યુનિવર્સિટીના જુદા જુદા અભ્યાસક્રમો માટે અભ્યાસ સામગ્રી તૈયાર કરવા સાંકળવામાં આવેલ લેખકો અને / અથવા ભાષાંતરકારોને પુરસ્કાર ચૂકવવા બાબત.

---

નાણા સમિતિની તા. 21-5-98ના રોજ મળેલ ચોથી બેઠકના મુદ્દા નં.4.8 થી અનુવાદકો / લેખકો માટે એડહોક ધોરણે મૌલિક લખાણના કિસ્સામાં મૂળ લખાણની હસ્તપ્રતના કુલ પાનાની સંખ્યાના 50 % પાના પર પાનાદીઠ નિયત દર પ્રમાણે અને અનુવાદના કિસ્સામાં મૂળ અંગ્રેજી પુસ્તકના કુલપાનાના 90 % પાના પર પાનદીઠ નિયત દર પ્રમાણે આ પ્રકારની ડુપ્લીકેટ કામગીરી કરવાના કેટલાક કિસ્સામાં ઉપર મુજબ એડહોક ધોરણે ચૂકવવાના જે દરો નિયત કરેલ છે તે દરોના 50 % પ્રમાણે તજજ્ઞોને પુરસ્કારની ચૂકવણી કરવા અગાઉ નિર્ણય લેવાયેલ હતો.

એજરીતે જે કિસ્સાઓમાં ભાષાંતર / મૌલિક લેખનની કામગીરી વિષય પરામર્શન દરમ્યાન ભાષાંતર કરેલ સ્ક્રીપ્ટ સંતોષકારક ન જણાય તેવા સંજોગોમાં ખાસ કિસ્સા તરીકે 90 % ને બદલે 50 % ના ધોરણે પૂરસ્કાર ચૂકવવા અંગે નિર્ણય લેવા નાણા સમિતિને ભલામણ કરવા અંગેના પ્રસ્તાવને ચર્ચા વિચારણાને અંતે મંજુર કરવામાં આવ્યો.

**બાબત નં. 6.19** સ્વ–અધ્યયન અભ્યાસ સામગ્રી વિકસાવવામાં "ઈગ્નૂ"ની અભ્યાસ સામગ્રી ઉપયોગમાં લેતી વેળાએ "ઈગ્નૂ" સાથે કરવાના કરારની શરતો અને બોલીઓ બાબત.

---

"ઈગ્નૂ "ની અભ્યાસ સામગ્રી નકકી કરેલ જુદાજુદા ચાર પ્રકારે ઉપયોગ કરતી વખતે તેમની સાથે કરવાના કરારની શરતો અને બોલીઓ અંગેની વિગતોની નોંધ લેવામાં આવી.

**બાબત નં. 6.20** યુનિવર્સિટીના ગ્રંથાલય સમિતિની રચના અંગેના ઓર્ડિનન્સનો મુસદ્દો મંજુર કરવા બાબત.

---

યુનિવર્સિટી અધિનિયમની કલમ – 22 (1) (p) ને સ્ટેચ્યૂટસ–20(2) સાથે વંચાણે લેતા યુનિવર્સિટી ગ્રંથાલય સમિતિનું બંધારણ અને તેના કાર્યો અને ફરજો નકકી કરવા અંગેનો સુધાર્યા પ્રમાણેનો ઓર્ડિનન્સનો મુસદ્દો પરિશિષ્ટ–13 મુજબ મંજુર કરવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **6.21** અધ્યક્ષસ્થાનેથી.

(1) વિદ્યાર્થીઓને બી.એડ. ડીગ્રી પ્રમાણપત્ર એનાયત કરવા અંગે.

---

આ યુનિવર્સિટીએ 1995 ના વર્ષથી શરૂ કરેલ અભ્યાસક્રમો પૈકી બી.એડ. અભ્યાસક્રમ કે જે ડીગ્રી કોર્ષ છે અને તેની સત્રાંત પરીક્ષાઓ પણ પૂર્ણ થયેલ હોઈ આ અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવા અંગે કોન્વોકેશન યોજવાના પ્રસ્તાવ અંગે ચર્ચા વિચારણાના અંતે ઠરાવવામાં આવ્યું કે પ્રસ્તાવમાં જણાવેલ કારણોને ધ્યાને લઈ બી.એડ અભ્યાસક્રમના વિદ્યાર્થીને યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–8ની જોગવાઈ –5 મુજબ absentia ડીગ્રી એનાયત કરવા અંગેની સત્તાઓ કુલપતિશ્રીને આપવાનું ઠરાવવામાં આવ્યું.

બેઠકને અંતે પોતાનો સમય ફાળવી સક્રિય રીતે ભાગ લેવા માટે અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓનો આભાર માન્યો હતો.

( એસ. એચ. બારોટ )
ઈ/ચા. કુલસચિવ

20

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડ

# કાર્યનોંધ

વીસમી બેઠક : તા.03-12-2003

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## અમદાવાદ

## ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની વીસમી બેઠક
## કાર્યનોધ

ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની વીસમી બેઠક તા.03-12-2003ના રોજ બપોરના 14-30 વાગે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હૉલમાં મળી હતી, જેમાં નીચે મુજબ હાજરી હતી:

| | | |
|---|---|---|
| (1) | ડૉ. આમ્રપાલી એમ. મર્ચન્ટ | અધ્યક્ષ |
| (2) | ડૉ.ડી.એમ.પેસ્તનજી | |
| (3) | ડૉ.રમેશ પટેલ | |
| (4) | ડૉ.ભદ્રાયુ વચ્છરાજાની | |
| (5) | ડૉ.પ્રભા ચાવલા | |
| (6) | શ્રી ત્રિદિપ સુહ્રદ | |
| (7) | શ્રી પિયૂષભાઈ કે. જૈન | |
| (8) | પ્રિ. જી. એન. ગોંસાઈ | સભ્ય–સચિવ |

શ્રી એસ.એચ.બારોટ, ઈ/ચા. કુલસચિવ ખાસ આમંત્રિત તરીકે હાજર રહયા હતા.

ડૉ.દિલિપ માવલંકર અગાઉથી જાણ કરી બેઠક માં હાજર રહયા ન હતા.

ડૉ.કલ્પના મિશ્રા, ડૉ.ઉષાબેન ઠકકર તથા શ્રી અંબુભાઈ એમ. પટેલ બેઠકમાં હાજર રહી શકયા ન હતા.

બેઠકની શરૂઆત કરતાં ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડમાં નવા નિયુકત થયેલ તમામ સભ્યોને કુલપતિશ્રીએ આવકારીન. જણાવ્યું હતું કે તેમને સદ્‌નસીબે સારા ઍકેડેમિશયનની ટીમ પસંદ કરવાની તક મળી છે જે બદલ તેમણે માનનીય શિક્ષણ મંત્રીશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યકત કરતાં જણાવ્યું હતું કે તેઓશ્રીને આ ટીમ પસંદ કરવાની તેમને તક આપી હતી. કુલપતિશ્રીએ સૌ સભ્યોને ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની પ્રથમ બેઠક હોઈ, સૌ સભ્યોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરી સૌનો વ્યકિતગત પરિચય મેળવ્યો હતો.

ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડના સભ્ય–સચિવશ્રી પ્રિ.જી.એન.ગોસાઈએ પણ સૌ સભ્યોનું સ્વાગત કરી આભારની લાગણી વ્યકત કરી હતી.

ત્યારબાદ નવા નિમાયેલ સભ્યોની આ પ્રથમ બેઠક હોઈ, કુલપતિશ્રીએ રાજયની એક માત્ર આ ઓપન યુનિવર્સિટી અને તેની દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ અંગે સૌને ટુંકમાં ખ્યાલ આપી આ યુનિવર્સિટી નજીકના ભવિષ્યમાં રોજગારલક્ષી ટૂંકાગાળાના વધુમાં વધુ અભ્યાસક્રમો તથા ઉચ્ચશિક્ષણ પૂરૂં પાડતી શૈક્ષણિક સંસ્થાઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓમાં વધુ અને વધુ અભ્યાસક્રમો શરૂ કરવાનો પોતાનો ઈરાદો વ્યકત કર્યો હતો. તેઓ તમામ શૈક્ષણિક ક્ષેત્રોને આવરી લેવાય તે મુજબના વધુ અભ્યાસક્રમો હાથ ધરાય અને ખાસ કરીને રાજયના પૂર્વ પટ્ટીના પછાત વિસ્તારોમાં ઉચ્ચશિક્ષણનો વ્યાપ વધારવા તેમજ મહિલા ઉત્કર્ષને લગતાં અભ્યાસક્રમોને લગતું જે આયોજન હાથ ધરેલ છે તેનો પણ સભ્યોને ખ્યાલ આપ્યો હતો. અને ત્યારબાદ એજન્ડા મુજબની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બાબત નં. **20.1** : ઍકેડેમિક પ્લાનિંગ બૉર્ડની તા. 19-05-2003ના રોજ મળેલી ઓગણીસમી બેઠકની કાર્યનોંધ વંચાણે લઈ બહાલી આપવા તેમજ તે અન્વયે લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

ઍકેડેમિક પ્લાનિંગ બોર્ડની તા.19-05-2003ના રોજ મળેલી ઓગણીમી બેઠકની કાર્યનોંધ અગાઉના બોર્ડે મંજૂર કરેલ હોઈ, નવા નિમાયેલ સભ્યોને તે બેઠકની કાર્યનોંધની મુદ્દાવાર છણાવટ કરવામાં આવી હતી કે જેથી નવા નિમાયેલ સભ્યોને અગાઉની બેઠકમાં લેવાયેલ નિર્ણયો અંગે સંપૂર્ણ ખ્યાલ આવે. ત્યારબાદ બેઠકની કાર્યનોંધ બહાલ રાખવામાં આવી અને તે અન્વયે લેવાયેલ પગલાંની નોંધ લેવામાં આવી.

બાબત નં. **20. 2** : બેચલર્સ પ્રિપરેટરી પ્રોગ્રામ(બી.પી.પી.) અભ્યાસક્રમમાં પાઠયક્રમોની પસંદગી બાબત

યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલબેચલર્સ પ્રિપરેટરી પ્રોગ્રામ (બી.પી.પી.) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે નીચે પ્રમાણે પાઠયક્રમો પસંદ કરવાના થતાં હતા :

| | | | |
|---|---|---|---|
| 1. PMT-01 : | સામાન્ય ગણિતનો પ્રારંભિક પાઠયક્રમ | : | ફરજિયાત |
| 2. PCO-01 : | વાણિજયનો પ્રારંભિક પાઠયક્રમ | : | બી.કોમ.ની પદવી મેળવવા ઈચ્છતાં ઉમેદવારો માટે |
| 3. PSS-10 : | સમાજવિજ્ઞાનનો પ્રારંભિક પાઠયક્રમ | : | બી.એ.ની પદવી મેળવવા ઈચ્છતા ઉમેદવારો માટે |

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી(ઈગ્નૂ) દ્વારા સદર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારો માટે હવે ઉપરોકત ત્રણ પાઠયક્રમો પૈકી ગમે તે બે પાઠયક્રમ પસંદ કરી અભ્યાસ કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવેલ હોઈ, આ યુનિવર્સિટીમાં પણ ઉપર મુજબની જોગવાઈ દાખલ કરવા અંગેની દરખાસ્ત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.3** : ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ) સાથે કરેલા નવા કરાર બાબત

યુનિવર્સિટી આગામી શૈક્ષણિક સત્રથી જણાવેલ અભ્યાસક્રમો Reproduction/Translation દ્વારા શરૂ કરવા અંગે નિર્ણય કરવામાં આવેલ છે, જે અંગે ઈગ્નૂ સાથે કરારની કાર્યવાહી પણ કરવામાં આવેલ છે.

| **Sr. No.** | **Name of Course** | **Type of Agreement** |
|---|---|---|
| 1. | Diploma in Creative Writing in English | Re-production |
| 2. | Bachelor of Arts in English | " |
| 3. | Master of Arts in English | " |
| 4. | Diploma in Creative Writing in Hindi | " |
| 5. | Master of Arts in Hindi | " |
| 6. | Bachelor of Science (Nursing) | " |
| 7. | Certificate in Empowering Women through Self Help Groups (CWDL) | " |
| 8. | Master of Library Information & Science | Translation |
| 9. | Certificate Programme in Participatory Forest management | " |

| | | |
|---|---|---|
| 10. | P. G. Diploma in Rural Development | " |
| 11. | P. G. Diploma in Translation | " |
| 12. | Certificate in Teaching of Primary School Mathematics | " |
| 13. | Certificate Programme in Environment Studies | " |
| 14. | Certificate in Consumer Protection | " |
| 15. | Bachelor of Tourism Studies | " |
| 16. | Master of Tourism Studies | " |
| 17. | Certificate in Women's Empowerment and Development | " |
| 18. | Certificate in Human Rights | " |
| 19. | Certificate in Radio Writing | " |

સદર બાબતની નોંધ લેવામાં આવી.

બાબત નં. **20.4** : છ માસના પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટે Walk-in-admission પધ્ધતિ દાખલ કરવા બાબત

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી(ઈગ્નૂ)માં છ માસના પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટે Walk-in-admission પધ્ધીત અખત્યાર કરવામાં આવેલ છે.

તેજ ધોરણે આ યુનિવર્સિટીમાં પણ છ માસિક પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટે Walk-in-admission પધ્ધતિ દાખલ કરવા અંગેની દરખાસ્ત છે. તદ્અનુસાર જે તે છ માસના પ્રમાણપત્રમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીને નીચે પ્રમાણે શૈક્ષણિક સત્ર મુજબ પ્રવેશ આપવાનો થાય :

1. ફેબ્રુઆરી થી શરૂ થતાં સત્ર માટે : 1st July to 31st December
2. ઓગસ્ટ થી શરૂ થતાં સત્ર માટે : 1st January to 30th June

અન્ય તમામ વિગતો જેવી કે પરીક્ષા ફોર્મ જમા કરાવવુ, સ્વાધ્યાય કાર્યો જમા કરાવવા તથા પરીક્ષાની તારીખો વિગેરે યુનિવર્સિટીએ તમામ અભ્યાસક્રમો માટે નકકી કર્યા પ્રમાણે રહેશે.

સદર બાબત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.5** : અભ્યાસક્રમની ફીના ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવા બાબત

યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારો પાસેથી હાલમાં જે તે અભ્યાસક્રમની પ્રોગ્રામ ફી ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવે છે. હાલમાં તમામ બેંકોના ડી.ડી. સ્વીકારવાની પ્રથા અમલમાં છે.

પરંતુ આગામી સત્રથી ફકત Scheduled Bank ના જ ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવા અંગેની દરખાસ્ત નાણાં સમિતિને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું.

વધુમાં સદર મુદ્દાની ચર્ચા દરમિયાન સભ્યશ્રી ડૉ.ભદ્રાયુ વચ્છરાજાનીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓની પ્રવેશ ફી મેળવવા અંગે તેમના વિસ્તારની પોષ્ટ ઓફિસ સાથે સંકલન કરેલ છે કે જેથી વિદ્યાર્થીઓ તેમની ફી ડ્રાફટ દ્વારા મોકલવાને બદલેપોષ્ટ ઓફિસમાં રોકડેથી ભરી તેમનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. તે

પદ્ધતિ આ યુનિવર્સિટીમાં દાખલ થઈ શકે તેમ હોય તો તે અંગે ઘટતી વિચારણા કરી આગામી બેઠકમાં બાબત રજૂ કરવા અંગે ચર્ચા વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યુ.

બાબત નં. **20.6** : ફેબ્રુઆરી–2004 થી શરૂ થતાં નવા અભ્યાસક્રમો બાબત

યુનિવર્સિટી દ્વારા આગામી ફેબ્રુઆરી–2004 ના સત્રથી નીચે જણાવેલ અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે.

| Sr. No. | Name of Course |
|---|---|
| 1. | Diploma in Creative Writing in English |
| 2. | Bachelor of Arts in English |
| 3. | Master of Arts in English |
| 4. | Diploma in Creative Writing in Hindi |
| 5. | Master of Arts in Hindi |
| 6. | Bachelor of Science (Nursing) |
| 7. | Certificate in Empowering Women through Self Help Groups (CWDL) |
| 8. | Master of Library Information & Science |
| 9. | Certificate Programme in Participatory Forest management |
| 10. | P. G. Diploma in Rural Development |
| 11. | P. G. Diploma in Translation |
| 12. | Certificate in Teaching of Primary School Mathematics |
| 13. | Certificate Programme in Environment Studies |
| 14. | Certificate in Consumer Protection |
| 15. | Bachelor of Tourism Studies |
| 16. | Master of Tourism Studies |
| 17. | Certificate in Women's Empowerment and Development |
| 18. | Certificate in Human Rights |
| 19. | Certificate in Radio Writing |

ઉપરોકત અભ્યાસક્રમો ફેબ્રુઆરી–2004 ના સત્રથી જ શરૂ કરવા અંગે સનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. આમ છતાં જો કોઈ કારણોસર તેજ સત્રથી શરૂ ન થઈ શકે તો તે પછીના સત્રથી શરૂ કરવામાં આવશે.

સદર બાબતની નોંધ લેવામાં આવી.

બાબત નં. **20.7** : પાઠ્યક્રમોની ફેરબદલી બાબત

યુનિવર્સિટી દ્વારા હાલમાં પાઠ્યક્રમોની બદલી અંગે નીચે મુજબની જોગવાઈ છે.

"અભ્યાસસામગ્રી મળ્યાના એક મહિનાની અંદર જ પાઠ્યક્રમ (વિષય) માં ફેરબદલી કરવા દેવામાં આવશે. તે માટે પાઠયક્રમ દીઠ રૂ.100/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ અને સંબંધિત પાઠ્યક્રમની અભ્યાસસામગ્રી સાથે નિયામક(વિદ્યાર્થી સેવાઓ) ને અરજી કરવાની રહેશે."

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઈગ્નૂ) દ્વારા પાઠ્યક્રમ(વિષય) ફેરબદલી અંગે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

"વિદ્યાર્થીઓ અભ્યાસ સામગ્રી મળ્યાના 45 દિવસમાં જ 4 ક્રેડિટના પાઠ્યક્રમ માટે રૂ.150/- તથા 8 ક્રેડિટના પાઠ્યક્રમ માટે રૂ.300/- ના ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે નિયામક SR&E વિભાગ, ઈગ્નૂ, નવી દિલ્હીને અરજી કરવાની રહેશે."

સદર પ્રસ્તાવ ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

"વિદ્યાર્થીઓ અભ્યાસ સામગ્રી મળ્યાના 60 દિવસમાં 4 ક્રેડિટના પાઠ્યક્રમની ફેરબદલી માટે રૂા.100/- તથા 8 ક્રેડિટની ફેરબદલી માટે રૂા.200/- ના ડિમાન્ડ ડ્રાફટ સાથે અથવા યુનિવર્સિટી કાઉન્ટર ઉપર રોકડા જમા કરાવી નિયામકશ્રી ને અરજી કરવાની રહેશે."

બાબત નં. **20.8** : સ્વાધ્યાય કાર્યો રદ્દ કરવા બાબત

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી(ઈગ્નૂ) દ્વારા ચલાવાતા બેચલર્સ પ્રિપરેટરી પ્રોગ્રામ(બી.પી.પી.) તેમજ છ માસિક પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી 30% ભારાંક ધરાવતાં સ્વાધ્યાય કાર્યો રદ કરેલ છે અને 100% ભારાંક સત્રાંત પરીક્ષામાં રાખેલ છે.

તે જ ધોરણે આ યુનિવર્સિટીમાં પણ બેચલર્સ પ્રિપરેટરી પ્રોગ્રામ (બી.પી.પી.) તથા છ માસિક પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી સ્વાધ્યાય કાર્યો રદ કરવા અંગેની દરખાસ્ત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.9** : સ્નાતક/અનુસ્નાતક/ડિપ્લોમા અભ્યાસક્રમોની વર્ષમાં બે વખત પ્રવેશ પધ્ધતિ દાખલ કરવા બાબત

યુનિવર્સિટી દ્વારા હાલમાં છ માસિક પ્રમાણપત્ર અભ્યાસક્રમો માટે વર્ષમાં બે વખત જયારે સ્નાતક/અનુસ્નાતક/પી.જી.ડિપ્લોમા વિગેરે અભ્યાસક્રમો માટે વર્ષમાં એક વખત પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

વધુમાં હવે ચાલુ સત્રથી Walk-in Admission અંગેની દરખાસ્ત પણ વિચારણા હેઠળ છે. ચાલુ સત્રથી છ માસિક પ્રમાણપત્ર અભ્યાસક્રમોની જેમ જ ડીગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમો માટે પણ વર્ષમાં બે વાર પ્રવેશની કાર્યવાહી હાથ ધરવા અંગેની દરખાસ્ત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.10** : અધ્યક્ષશ્રીની મંજૂરીથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે
બાબત નં. **20.10(1)** : ગાંધી દર્શન દ્વારા વેલ્યુ એડીશનના હેતુસર બુનિયાદી (foundation) પાઠ્યક્રમો તરીકે શરૂ કરવા બાબત

યુનિવર્સિટી દ્વારા બેચલર્સ ડિગ્રી અભ્યાસક્રમમાં ગાંધી દર્શન દ્વારા વેલ્યુ એડીશનના હેતુસર નીચે જણાવેલ ત્રણ પાઠ્યક્રમો બુનિયાદી (ફાઉન્ડેશન) પાઠ્યક્રમો તરીકે ઉમેરવા અંગેની દરખાસ્ત છે.

| ક્રમ | પુસ્તક | પાનાની સંખ્યા | પુસ્તકની કિંમત |
|---|---|---|---|
| 1. | હિંદ સ્વરાજ<br>મોહનદાસ કરમચંદ ગાંધી, | 77 | રૂા.5/- |
| 2. | મારા સ્વપ્નનું ભારત,<br>ગાંધીજી | 336 | રૂા.30/- |
| 3. | ગ્રામ સ્વરાજ,<br>મહાત્મા ગાંધી | 264 | રૂા.35/- |

(નવજીવન પ્રકાશિત)

ઉપરોકત પુસ્તકો પૈકી પ્રથમ ક્રમ પર દર્શાવેલ પુસ્તક પ્રથમ વર્ષમાં ઉપરાંત ડિપ્લોમા/પ્રમાણપત્ર અભ્યાસક્રમ તરીકે, દ્વિતીય ક્રમ પરનું પુસ્તક દ્વિતીય વર્ષમાં તથા તૃતીય ક્રમ પરનું પુસ્તક તૃતીય વર્ષમાં પાઠ્યક્રમો તરીકે દાખલ કરવાના થાય છે. આ તમામ પાઠ્યક્રમો 4 ક્રેડિટના રહેશે. હાલમાં જે ડિગ્રી/ડિપ્લોમા પ્રમાણપત્ર અભ્યાસક્રમો ચાલે છે, તેના અગાઉ મંજૂર થયેલ પ્રોજેકટ અહેવાલ ઉપર મુજબનો ફરજિયાત બુનિયાદી પાઠ્યક્રમનો ઉમેરો યથાસ્થાને કરવાનો રહેશે અને તે મુજબ કુલ ક્રેડિટ્સ,પરામર્શન સત્રો અને અન્ય વિગતો પણ સમાવી લેવાની રહેશે.

સદર દરખાસ્ત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.10(2)** : સેન્ટ્રલ એસેસમેન્ટની પધ્ધતિ દાખલ કરવા બાબત

યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમોની લેવામાં આવતી સત્રાંત પરીક્ષા અંગેની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન હાલમાં જે તે પાઠ્યક્રમના નિયુકત કરેલ પરીક્ષક/પરીક્ષકોને તેમના શહેર/નિવાસના સ્થળે મોકલી આપી કરાવવાની પધ્ધતિ અમલમાં છે. જેના કારણે ઘણો જ સમય વ્યતિત થાય છે. જેથી પરિણામો આપવામાં વિલંબ થાય છે.

પરંતુ જો યુનિવર્સિટી દ્વારા સેન્ટ્રલ એસેસમેન્ટની પધ્ધતિ દ્વારા મૂલ્યાંકન કરાવવામાં આવે તો સમયનો ઘણો જ બચાવ થઈ શકે તેમજ વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષાઓના પરિણામો ઝડપથી તૈયાર કરી તેના પરિણામો જાહેર કરી શકાય અને વિદ્યાર્થીઓને પણ સમયસર મોકલી આપી શકાય.

સદર બાબત ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.10(3)** : વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને કન્સલટન્ટ તરીકે કોન્ટ્રેકચ્યુઅલ બેઝીસ પર રોકી નવા અભ્યાસક્રમો શરૂ કરવા બાબત

આ યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણ પધ્ધતિ દ્વારા નીચે જણાવેલ ક્ષેત્રોમાં ટૂંકાગાળાના વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

1. ટેકનીકલ
2. હેલ્થ
3. એગ્રીકલ્ચર
4. કમ્પ્યુટર
5. અંગ્રેજી
6. એજયુકેશન
7. મેનેજમેન્ટ
8. પર્યાવરણ
9. દૂરવર્તી શિક્ષણ
10. ગ્રામ વિકાસ
11. હ્યુમન પોટેન્શીયલ ડેવલપમેન્ટ
12. મહિલા સશકિતકરણ
13. પંચાયતરાજ

આમ, આ તમામ ક્ષેત્રે જે તે ક્ષેત્રમાં નિષ્ણાતોને સલાહકાર તરીકે રોકી જે તે ક્ષેત્રમાં ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરવા અંગેની જવાબદારી તેમને સોંપી શકાય તે માટે દરેક ક્ષેત્રમાં એક–એક નિષ્ણાતની કો–ઓર્ડિનેટર તરીકે નિમણૂક કરવાનો પ્રસ્તાવ છે કે જેથી જે તે ક્ષેત્રના અભ્યાસક્રમો ડિઝાઈન કરી તેની અભ્યાસસામગ્રી તેમના દ્વારા યુનિવર્સિટીને તૈયાર મળી શકે. આ કામગીરી માટે તેમને માનદ્વેતન પુરસ્કાર તરીકે આપવાનુ થાય, જે ઈગ્નૂ/ડિકના ધારા–ધોરણ મુજબ આપવાનું થશે. આવી નિમણૂકો માટે ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ તેની વિકાસ સહાયમાં કેટલીક ગ્રાન્ટ આપે છે. તેમાંથી આવો ખર્ચ કરી શકાશે.

સદર બાબતે ચર્ચા વિચારણાને અંતે જયાં જયાં જરૂરી હોય તેવા ક્ષેત્રમાં કોન્ટ્રેકચ્યુઅલ નિમણૂકો કરવાની કુલપતિશ્રીને સત્તા આપવા ઠરાવ્યું તેમજ જે તે ક્ષેત્રના અભ્યાક્રમો હાથ ધરતી સંસ્થાઓ સાથે Memorandum of Understanding (MoU) પણ કરવાનું નકકી કરવામાં આવ્યું.

બાબત નં. **20.10(4)** : ડૉકટર ઑફ ફીલોસોફી (Ph.D.) ના અભ્યાસક્રમો શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત

યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પધ્ધતિથી સને 1995 થી બેચલર્સ ડિગ્રી પ્રોગ્રામ (BDP : B.A./B.Com.) શરૂ કરવામાં આવેલ છે, જેમાં નોંધાયેલ વિદ્યાર્થીઓ દ્વારા નીચે જણાવેલ પાઠ્યક્રમો મુખ્ય વિષય તરીકે પસંદ કરી ડિગ્રી મેળવવામાં આવે છે.

| | |
|---|---|
| 1. ગુજરાતી | 6. રાજયશાસ્ત્ર |
| 2. હિન્દી | 7. અર્થશાસ્ત્ર |
| 3. ઈતિહાસ | 8. જાહેર વહીવટ |
| 4. સમાજશાસ્ત્ર | 9. અંગ્રેજી |
| 5. એજયુકેશન | 10. લાયબ્રેરી અને ઈન્ફર્મેશન સાયન્સ |

યુનિવર્સિટી દ્વારા માસ્ટર્સ ડિગ્રીના અભ્યાસક્રમો શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ઉપરાંત ઉપરોકત વિષયોમાં માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા બાદ આ યુનિવર્સિટીના જ વિદ્યાર્થીઓ તથા અન્ય પારંપારિક યુનિવર્સિટીઓમાંથી માસ્ટર્સ ડિગ્રી મેળવાનાર વિદ્યાર્થીઓની દૂરવર્તી શિક્ષણ પધ્ધતિએ Ph.D. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા અંગને અવાર–નવાર પૃચ્છા થતી રહે છે.

આ સંજોગોમાં આ યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પધ્ધતિએ Ph.D. અભ્યાસક્રમ શરૂ કરવા અંગેના પ્રસ્તાવ પર ચર્ચા વિચારણાને અંતે ઉપર દર્શાવેલ વિષયોમાં Ph.D. ના અભ્યાસક્રમો શરૂ કરવા અને આ અંગેની કાર્યવિધિ કરવા કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવી.

બાબત નં. **20.10(5)** : અંધજન માટે "ટોકિંગ લાયબ્રેરી" ની સુવિધાઓ શરૂ કરવા માટે વિચારણા કરવા બાબત

દ્રષ્ટિની નબળાઈ અને જન્મજાત કે બાળપણમાં વિવિધ કારણોસર દ્રષ્ટિ ગુમાવનાર વ્યકિતઓમાં ધીરેધીરે શિક્ષણનો વ્યાપ સારા પ્રમાણમાં પ્રસરેલ છે. ઉચ્ચ શિક્ષણમાં કોલેજો અને યુનિવર્સિટીઓમાં પણ આવા દ્રષ્ટિવિહિન વ્યકિતઓ શિક્ષણ પ્રાપ્ત કરવાની તકો શોધતા હોય છે. આવા વિશિષ્ટ જનસમૂહને ઉચ્ચ શિક્ષણ આપવા માટે વિશિષ્ટ પધ્ધતિઓ, ઉપકરણો અને સુવિધાઓ વિચારવી જરૂરી છે.

આવી વ્યકિતઓને શ્રાવ્ય માધ્યમથી દૂરવર્તી શિક્ષણની સુવિધાઓ મળી રહે તે અર્થે આવશ્યકતા મુજબના અભ્યાસક્રમોની પ્રિન્ટેડ સેલ્ફ ઈન્સ્ટ્રકશનલ મટીરીયલની ઓડિયો કેસેટ્સ મૌલિક રીતે તૈયાર કરી શકાય અને જયાં અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ હોય તેનું ગુજરાતી ભાષામાં ડબિંગ કરીને આવો એક વિભાગ લાયબ્રેરીમાં ઉભો કરવામાં આવે તો આ જનસમૂહને આ યુનિવર્સિટી ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ પૂરી પાડી શકશે.

આ અંગે રાજય સરકાર ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ તથા સ્વાયત સંસ્થાઓ અને દાતાઓ પાસેથી અનુદાન મેળવવા વિચારી શકાય.

ચર્ચા વિચારણાને અંતે સદર પ્રસ્તાવ રજૂ કરવા બદલ સૌ સભ્યોએ કુલપતિ પ્રત્યે અહોભાવની લાગણી વ્યકત કરી સમાજના આવા વર્ગોને ખરેખર ઉચ્ચ શિક્ષણ મળી રહે તે અંગેની તકો ઉભી કરવા બદલ આભાર વ્યકત કરી આગળની કાર્યવાહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવ્યું.

બાબત નં. **20.10(6)** : "ટ્રાયબલ એરીયા ડેવલોપમેન્ટ સ્કીમ" હેઠળ દૂરવર્તી શિક્ષણ પધ્ધતિએ ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડવા બાબત

ગુજરાત રાજયની પૂર્વ પટ્ટી, પૂર્વોત્તર ક્ષેત્ર, દરિયા કિનારા અને ગીર પ્રદેશના કેટલાંક પ્રદેશોમાં અનુસૂચિત જનજાતિ સમૂહોના રહેઠાણો આવેલા છે. આ જનસમૂહો પોતાના વિસ્તારો છોડીને બહાર નીકળવાનું ઓછુ પસંદ કરે છે અને તેમના પ્રદેશોમાં ઉચ્ચ શિક્ષણ સુવિધાઓ હજુ પૂરતાં પ્રમાણમાં ઉપલબ્ધ થઈ શકેલ નથી. આથી આવા પ્રદેશોમાં દૂરવર્તી શિક્ષણ પધ્ધતિથી ઉચ્ચ શિક્ષણનો પ્રચાર–પ્રસાર થઈ શકે તે માટે તથા યુનિવર્સિટીના ઉદેશ્યની પરિપૂર્તિ માટે આવા ક્ષેત્રમાં અભ્યાસ કેન્દ્ર/વિશિષ્ટ અભ્યાસકેન્દ્ર શરૂ કરી આવા પછાત વિસ્તારોમાં વસતાં અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિઓના ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડી શકાય તથા યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણ પધ્ધતિથી કેટલાંક ટૂંકાગાળાના રોજગારલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે તેના લાભો પણ તેમને મળી શકે.

યુનિવર્સિટી આ કામગીરી માટે એક સ્પેશ્યલ પ્રોજકેટ હાથ ધરી રહેલ છે જે માટે નાણાકીય સહાય ઉપલબ્ધ કરવા ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલને દશમી પંચવર્ષિય યોજનામાં તથા સરકારશ્રીની ટ્રાયબલ એજન્સીઓને રજૂઆત કરવામાં આવી રહેલ છે. જે ઉપલબ્ધ થયે આવા વિસ્તારની કેટલીક સ્વૈચ્છિક શૈક્ષણિક સંસ્થાઓ અને ઉચ્ચ શિક્ષણ પૂરી પાડતી સંસ્થાઓની મદદથી આ પ્રોજેકટની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

ચર્ચા વિચારણાને અંતે સદર પ્રોજેકટ મંજૂર રાખવામાં આવ્યો અને ખાસ કરીને આશ્રમ શાળાઓને આવરી લઈ આ યોજના ઝડપથી અમલી કરવા ઠરાવવામાં આવ્યું.

અંતમાં હાજર રહેલ સર્વ સભ્યશ્રીઓનો આભાર માની બેઠક પૂરી થયેલ જાહેર કરવામાં આવી.

(જી. એન. ગોંસાઈ)
નિયામક
અને
સભ્ય સચિવ

પરિશિષ્ટ ૧/અ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
આરસીટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ, ન્યુ ગુજરાત હાઈકોર્ટની સામે, સોલા,
સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ
E-mail : feedback@baou.org, Website : www.baou.org

## એકેડેમિક પ્લાનિંગ બોર્ડની ચોત્રીસમી બેઠક

## કાર્યવાહીનોંધ

એકેડેમિક પ્લાનિંગ બોર્ડની ચોત્રીસમી બેઠક તા. 19/07/2008 ના રોજ બપોરે 11:00 કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળી હતી, જેમાં નીચે મુજબ સભ્યો હાજર રહેલ હતા.

(1) ડૉ. અવધેશકુમાર સિંહ — અધ્યક્ષશ્રી
(2) ડૉ. પી. કે. મહેતા
(3) શ્રી એમ. સી. પટેલ
(4) શ્રી રમેશભાઈ પટેલ
(5) ડૉ. અંજનાબેન શાહ
(6) શ્રી દિલીપ કાતરિયા
(7) શ્રી વાડીભાઈ પટેલ
(8) શ્રી કે. એ પોટા — સભ્યસચિવશ્રી

ડૉ કલ્પનાબેન મિશ્રા અને ડૉ. સી.કે ઘોષ બેઠકમાં હાજર રહી શક્યા ન હતા.

બેઠકની શરૂઆતમાં માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા હતા તથા તેમનો કિંમતી સમય ફાળવી બેઠકમાં હાજર રહયા તે બદલ સહુનો આભાર માન્યો હતો.

બેઠકની કાર્યવાહી એજન્ડા પ્રમાણે હાથ ધરવામાં આવી.

**બાબત નં. 34.00 : એકેડેમિક પ્લાનિંગ બોર્ડની તા. 18-02-2007 ના રોજ મળેલ ૩૩મી બેઠકની કાર્યનોંધ વંચાણે લઈ બહાલી આપવા અને તે અન્વયે લીધેલા પગલાની નોંધ લેવા બાબત**

કાર્યવાહીનોંધને વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ છે.

**બાબત નં. 34.01 : લાયબ્રેરી કમિટીની છઠ્ઠી બેઠકની કાર્યનોંધ જાણ અર્થે રજૂ કરવા બાબત**

કાર્યવાહીનોંધ વંચાણે લઈ સર્વે દ્વારા માન્ય રાખવામાં આવી

બાબત નં. 34.02 : સ્વાધ્યાયકાર્ય પધ્ધતિમાં ફેરફાર કરવા બાબત

પર્વતમાન પધ્ધતિ પ્રમાણે કુલ ત્રણ સ્વાધ્યાયકાર્ય લખવાની પધ્ધતિ અમલમાં છે. આ યુનિવર્સિટી દ્વારા ઈગ્નો આધારિત કાર્યપ્રણાલિકા અપનાવવામાં આવે. છે. આ પધ્ધતિમાં ઈગ્નો દ્વારા દરેક અભ્યાસક્રમમાં પાઠયક્રમ દીઠ એક એક સ્વાધ્યાયકાર્ય લખવાની પધ્ધતિ અમલમાં મુકેલ હોય તે પ્રમાણે આ પ્રણાલિકા આ યુનિવર્સિટીમાં શરૂ કરવાની બાબાતને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ.

બાબત નં. 34.03 : યુ. કે. ઓપન યુનિવર્સિટી સાથે કોલોબ્રેરન કરી વિવિધ કોર્સિસ શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરવા બાબત.

માનનીય કુલપતિશ્રી દ્વારા યુકે ઓપન યુનિવર્સિટી સાથે MoU થવાની બાબત જણાવેલ MoU માં કાર્યક્ષેત્રાધિકાર અંગે વૈધાનિક બાબતો સ્પષ્ટ કરેલ જે અંગે સભ્યશ્રીઓ દ્વારા વૈધાનિક રીતે પુરતી કરી MoU કરવા સર્વાનુમતે સંમતિ આપેલ.

બાબત નં. 34.04 : પીએચ.ડી.કાર્યશાળામાં હાજર તજજ્ઞશ્રીઓને માનદ્ પુરસ્કાર બાબત

એજન્ડાની વિગતોને વંચાણે લઈ માનદ પુરસ્કારની નિર્ધારિત કરેલ રકમ રૂા. [illegible]ને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ.

બાબત નં. 34.05 : પીએચ.ડી.ના રજી. થયેલ વિદ્યાર્થીઓના શિર્ષક ફેરફાર બાબત

માનનીય કુલપતિશ્રી દ્વારા પી.એચી.ડી. માટે રજીસ્ટ્રર થયેલ વિદ્યાર્થીઓ દ્વારા જે શિર્ષક નિર્ધારિત કરેલ અને ત્યાર બાદ શિર્ષકમાં ફેરફાર કરેલ તે ભાષાકીય રીતે કોઈ પણ દષ્ટિકોણથી ઉચિત જણાતા નથી તેવું જણાવેલ. આ અંગે સભ્યો દ્વારા વિષય વાર નિષ્ણાતોનું મંતવ્ય લઈ આર.ડી.સી. સમક્ષ વિષય વાર મુકીને જરૂરી કાર્યવાહી કરવા માનનીય કુલપતિશ્રીને અધિકૃત કરવામાં આવેલ. શિર્ષક બદલવા અંગે કોઈ મંજૂરી મેળવેલ હોઈ તે બાબત પણ ધ્યાને લેવાની રહે. હાલ આ અંગે જણાવ્યા પ્રમાણેની પ્રણાલિકા દ્વારા નિર્ણય ના આવે ત્યાં સુધી આ બાબત હોલ્ડ પર મુકવી. તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

બાબત નં. 34.06 : ઈગ્લીશ લેંગ્વેજ લેબ પ્રોજેક્ટ અન્વયે આપવાના થતા સર્ટીફીકેટ બાબત

[illegible] કચેરીના સંદર્ભ પત્ર ક્રવટ–યુનિ–૧–૧–૨૦૦૭–૦૮/૬૩૮૪–૮૯ તા. ૨૬–૦૪–૨૦૦૭ અન્વયે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને રૂા. 3,17,00,000/- ગ્રાંટ મળતા સ્પેશ્યલ પ્રોજેક્ટ અંતર્ગત શરૂ થયેલ ઈગ્લીશ લેંગ્વેજ લેબ પ્રોજેકટમાં નાણાકીય વર્ષ 2007-08 માં 58 લેંગ્વેજ લેબ કાર્યાન્તીત કરવામાં આવેલ છે. આ લેંગ્વેજ લેબ માં ત્રણ કોર્સનો સમાવેશ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| કોર્સ | કોર્સ ફી | પરીક્ષા ફી |
|---|---|---|
| લેવલ–1 | 400/- | 100/- |
| લેવલ–2 | 800/- | 200/- |
| લેવલ–3 | 1200/- | 300/- |

આ બાબતની વિગતો ધ્યાને લઈ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી.

બાબત નં. 34.07 : [illegible] ના 26 કોર્સ પૈકિ 16 કોર્સના નામ બદલવા બાબત

IHTM ના વિવિધ કોર્ષના નામાભિધાનને બદલવા સબબ AICTE ની મંજૂરી અનિવાર્ય હોઈ છે કે કેમ? તેવું મંતવ્ય સભ્યશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ. માનનીય કુલપતિશ્રી એડવાન્સ ડિપ્લોમાં આને ડિપ્લોમાં ના અભ્યાસક્રમો યુનિવર્સિટી દ્વારા પ્રોફેશનલ અને વોકેશનલ કોર્ષિસના ટાઈટલ હેઠળ મંજૂર કરી શકાય તેવી માહિતી આપેલ. આ બાબતની ચર્ચા દરમ્યિાત ઈગ્નો દ્વારા વિવિધ અભ્યાસક્રમો અગાઉ સ્કુલ ઓફ સોશિયલ સાયન્સ હસ્તક ચાલતા હતા જયારે સ્કુલ ઓફ સાયન્સ અસ્તિત્વમાં ન હતું આવી જ રીતે જરૂર જણાય આ યુનિવર્સિટી માં પણ આ પ્રણાલિકા અપનાવી શકાય. ચર્ચાના અંતે જરૂર જણાય તો AICTE ની મંજૂરી અંગે વિગતો ચકાસવા જણાવવામાં આવેલ.

બાબત નં. 34.08 : **IHTM સંસ્થા સાથે થયેલ MoU અન્વયે બે અભ્યાસક્રમોના પ્રોજેકટ રીપોર્ટ મંજૂર કરવા બાબત**

પ્રોજેકટરીપોર્ટ વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

બાબત નં. 34.09 : **સર્ટીફિકેટ ઈન કોમ્પ્યુટર કોન્સેપ્ટ–બીએઓયુ (CCC+BAOU)( In-Service) અભ્યાસક્રમનો પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂર કરવા બાબત**

પ્રોજેક્ટ રીપોર્ટ વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

બાબત નં. 34.10 : **સર્ટીફિકેટ ઈન કોમ્પ્યુટર કોન્સેપ્ટ–બીએઓયુ(CCCBAOU)( In Service) અભ્યાસક્રમનો પ્રોજેકટ રીપોર્ટ મંજૂર કરવા બાબત**

પ્રોજેકટ રીપોર્ટ વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

બાબત નં. 33.11 : **આંગણવાડી કાર્યકતા માટે પ્રમાણપત્ર અભ્યાસક્રમનો પ્રોજેકટ રીપોર્ટ મંજૂર કરવા બાબત**

પ્રોજેકટ રીપોર્ટ વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

બાબત નં 33.12 : **PGDCA અભ્યાસક્રમનો પ્રોજેક્ટ રીપોર્ટ મંજૂર કરવા બાબત**

પ્રોજેકટ રીપોર્ટ વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

બાબત નં 34.13 : **નવા કેન્દ્રોની યાદી બાબત**

નવા કેન્દ્રોની યાદીની વિગતો ધ્યાને લઈ સર્વાનુમતે નવા કેન્દ્રોને મંજુરી આપવામાં આવેલ

બાબત નં 34.14 : **ભારતીય દર્શન પર પ્રમાણપત્ર અભ્યાસક્રમનો પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત**

પ્રોજેકટ રીપોર્ટ વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

બાબત નં 34.15 : **IHTM સંસ્થા સાથે થયેલ MoU અન્વયે નીચે જણાવેલ બે અભ્યાસક્રમોના પ્રોજેકટ રીપોર્ટ મંજૂર કરવા બાબત**

બેચલર ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન (રેગ્યુલર) અને બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનનો પ્રોજેક્ટ રીપોર્ટ પ્રસ્તુત થતા બેચલર ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન (રેગ્યુલર) કોર્સ કે જેમાં રેગ્યુલર રીતે ડિસ્ટન્સ મોડમાં અભ્યાસક્રમ દ્વારા શિક્ષણ મેળવી શકાય નહિ તેમ સુધારો કરવા સભ્યશ્રીઓ જણાવા આ બાબતે સર્વાનુ મતે મંજૂર રાખવામાં આવેલ

બાબત નં 34.16: યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ સ્ટાફ સભ્યોને BPP અભ્યાસક્રમ માત્ર 100/- રજીસ્ટ્રેશન ફી ભરી ઉપલબ્ધ કરાવવા બાબત

ફી નિર્ધારણની બાબતને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ.

બાબત નં 34.17(1) : બી.એડ્ અભ્યાસક્રમના સૈધ્ધાંતિક અને પ્રાયોગિક કાર્યના મહેનતાણાના દર મંજૂર કરવા બાબત

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વર્ષ–2007 માં શરૂ થયેલ બી.એડ્ અભ્યાસક્રમના ભાગરૂપે કાઉન્સેલીંગ, સ્વાધ્યાયકાર્ય તૈયાર કરવા અને ચકાસવા, પ્રાયોગિકપાઠ અવલોકન અને શાળાકીય પ્રવૃતિઓના કાર્ય માટે ઈગ્નુ ના મહેનતાણા દરને આધારે તૈયાર કરેલ મહેનતાણા દરને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ.

બાબત નં 34.17(2) : બી.એડ્ અભ્યાસક્રમના પરામર્શકોની લાયકાત બાબત

યુનિવર્સિટી સંચાલિત બી.એડ્ અભ્યાસક્રમમાં પરામર્શકોની નિમણૂંક કરવાની થાય છે. પરામર્શકોની લાયકાત નીચે પ્રમાણે છે.

1. સ્નાતક/અનુસ્નાતક એમ.એડ
2. એમ.ફીલ/પી.એચ.ડી
3. પૂર્વ સ્નાતક કક્ષાએ અધ્યાયનનો અનુભવ

સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ

બાબત નં 34.17(3) : MSW અભ્યાસક્રમના પ્રથમ આવનાર વિદ્યાર્થીને મેડલ આપવા બાબત

MSW કોર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રથમ બેચથી માર્ચ, એપ્રિલ માસ દરમિયાન લેવાયેલ દ્વિતીય વર્ષની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને પ્રો. અનિલ નાવલે તરફથી શ્રીમતિ માલતિબેન અનિલભાઈ નાવલેની સ્મૃતિમાં મેડલ આપવા અંગે સભ્યશ્રીઓ દ્વારા જણાવેલ કે આ માટે એન્ડાઉમેન્ટ ફંડ ઉભો કરીને તેના વ્યાજ માંથી મેડલ આપવા અંગે રકમ નિર્ધારીત કરવાની રહે આ માટે પ્રર્વતમાન ભાવો પ્રમાણે વિગતો મેળવવા જણાવવામાં આવેલ. મેડલ એનાયત કરનાર દાતાશ્રી ને આ અંગે જાણ કરી સંમતિ મેળવવાની રહે તેવું સુચન કરવામાં આવેલ

બાબતઃ–34.17 (4) અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્રના સ્ટાફના મહેનતાણામાં વધારો કરવા બાબત

હાલ યુનિવર્સિટીમાં અભ્યાસકેન્દ્ર/પ્રોગ્રામકેન્દ્રના સ્ટાફના મહેનતાણાના દર નીચે મુજબ છે. છેલ્લા ઘણા વર્ષોથી તેમા પરિવર્તન કરવામાં આવેલ નથી તેથી નીચેનો સૂચિત વધારો કરવા બાબત રજુ કરવામાં આવેલ.

<u>પ્રોગ્રામ કેન્દ્રઃ–</u>

| ક્રમ | નામ | પર્વતમાન દર | સુચિત |
|---|---|---|---|
| 1. | પ્રોગ્રામ ઈન્ચાર્જ | 1500/- | 2000/- |
| 2. | કલાર્ક | 1200/- | 1500/- |
| 3. | પટાવાળા | 1000/- | 1200/- |

<u>અભ્યાસકેન્દ્રઃ–</u>

| ક્રમ | નામ | પર્વતમાન દર | સુચિત |
|---|---|---|---|
| 1. | હેડ ઓફ ઈન્સ્ટીટયુટ | 1000/- | 1200/- |
| 2. | સંયોજકશ્રી | 2000/- | 2500/- |
| 3. | સહસંયોજકશ્રી | 1400/- | 1800/- |
| 4. | વર્ગ–૩ | 1200/- | 1500/- |
| 5. | વર્ગ–૪ | 1000/- | 1200/- |

સુચિત વધારા અન્વયે સભ્યશ્રીઓ દ્વારા આ દરો ઈન્ને દરથી વધારે હોવા જોઈએ નહિ તેમ જણાવેલ ઉપરાંત જયારે પણ કોઈ પણ નાણાકિય રીતે વધારો કરવામાં આવેલ ત્યારે કોસ્ટ ઈકોનોમિકસના આધારે યુનિવર્સિટીની થતી આવકને ધ્યાને લઈ વધારો કરવા સુચવવામાં આવેલ.

બાબત નં. **34.17(5) : BDP ની ડિગ્રી એનાયત કરવા બાબત**

જુન - 2007 સુધી 96 ક્રેડીટ પુરી કરનાર પરિશિષ્ટ–18માં દર્શાવેલ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરવાની વિગતો ધ્યાને લઈ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવેલ.

બાબતઃ–**34.17(6)** **BPP, CFN, CCCD અભ્યાસક્રમ દરેક કેન્દ્ર પર ફરજિયાત કરવા બાબત**

જુલાઈ–2008 ના સત્રથી દરેક કેન્દ્રને BPP, CFN, CCCD અભ્યાસક્રમ ફરજિયાત શરૂ કરવાની બાબત અન્યવે સંબંધિત કેન્દ્રની સુવિધાઓ અને માનવસંસાધન ધ્યાને લઈ કેન્દ્ર મંજુરી સબબ નિર્ણય લેવું આ બાબતને મંજૂર કરવા મંજૂરી આપવામાં આવેલ.